# વિનીનું ઘર

રઘવાયો થઈને એ જતો હતો. એ ઇચ્છતો હતો કે કોઈ એને ટપારે નહીં, જુએ નહીં, નિરર્થક વાતોનો કાદવ એના પર ફેંકે નહીં. એ જાણતો હતો કે આ બધું સહન કરવું જ પડે છે, સામે મોં મલકાવવું પડે છે, હાથ ફરકાવવા પડે છે. બે-ચાર શબ્દો પણ ગણગણવા પડે છે. આ બધું જરૂરી છે, બેહદ જરૂરી. તે વગર સમાજ એની સામે વિચિત્ર નજરે જોશે, ધીમે ધીમે હડસેલા મારીને વર્તુળની બહાર પણ ફેંકી દે, કંઈ કહેવાય નહીં. અને એ પણ કહેવાય નહીં કે એવું બને તે એને ગમે કે નહીં... અત્યારે તો આમ જ ચાલ્યા કરવાનું, અને ઝટપટ વિનીને ઘેર પહોંચી જવાનું. પછી નિરાંત!

શું હતું વિનીના ઘરમાં? એ શોધી શક્યો નહોતો કે ત્યાં એવું તે શું હતું... પણ એટલું તો નક્કી હતું કે ત્યાં ગયા પછી બહુ હાશ લાગતી. ફાવે ત્યાં બેસો, ફાવે તેમ બેસો, મન થાય તો આડા પડો. કોઈ કશું પૂછે નહીં. થોડી વાર પછી સહેજ તીખી મીઠી સુગંધ આવે, વિનીની સુનેત્રા આવીને બે પાણીના પ્યાલા અને એક ચાનો કપ એની પાસે મૂકીને ચુપચાપ અંદર ચાલી જાય. મન થાય તો પી શકાય, નહીંતર કલાક પછી આખો ખેલ પાછો સમેટાઈ જાય.

અંધારું થયા પછી થોડી વારમાં વિની આવે. એની સામે અછડતી નજર નાખીને ખૂબ આનંદભર્યા સ્વરે કહે, 'ઓહો! આવી ગયો, અર્જુન? ચાલ, સારું થયું!' પછી એ પણ અંદરના ખંડમાં ચાલી જાય અને ઘણી બધી વારે આવીને બારીની બહાર જોતાં જોતાં કહે, 'ખબર છે, આજે શું થયું?'

લગભગ તો કશું થયું જ ન હોય. છતાં એની વાત સાંભળવાની મજા આવે. જાણે કોઈ અજાણી નદીનાં શાંત વહેણ પરથી હળવેથી ઊંચકાઈને આવતાં આછાં સૂર્ય કિરણ પોતાની આસપાસ રમે છે. બહુ સારું લાગે છે. ધ્યાન આપવાની, પ્રશ્નો પૂછવાની, હં કે હા કરવાની કશી જરૂર નહીં. વૃક્ષોનાં પાકટ પાનમાંથી વહેતા આવતા પવનના અવાજને કોઈ ક્યાં જવાબ આપે છે? તોય સાંભળવાનું ગમે. વિનીની વાતોનું એવું જ હતું.

કોઈ વાર વળી વિની નયે આવે. સાંજ રાતમાં ખોવાઈ જાય. નાનપણની યાદ આપતી આછી ધૂપસુગંધ ઘરમાં કશુંક શોધતી બધે ફરી વળે. સુનેત્રા અંદરના

બારણામાંથી જ ડોકિયું કરીને પૂછે, "જમવાના કે અર્જુનભાઈ?" અર્જુન ઘણુંખરું ના પાડે. કોઈ વાર વળી હા પાડી બેસે. જે સામે મુકાય તે ખાઈ લેવાનું. પછી થોડી વાર રાહ જોવાની. વિની આવે તોય ઠીક, ન આવે તોય ઠીક. પછી ઘેર જતાં જતાં વિચાર કરવાનો, શાથી મન હળવું ફૂલ લાગે છે? વિનીના ઘરમાં એવું તે શું છે કે ધોધમાં નાહ્યા પછી જૂની જિંદગી થોડીક વાર માટે પણ ભુલાઈ જાય અને એક નવોનકોર સમય શરૂ થયો હોય એવી લાગણી થાય છે?

આ જ પ્રશ્ન પોતાને ઘેર પહોંચ્યા પછી લમણામાં ફંગોળાવાનો. "એવું તે શું દાટ્યું છે એના ઘરમાં તે છાશવારે ને છાશવારે વગર બોલાવ્યે ત્યાં પહોંચી જાઓ છો? સાચું કહેજો, વિનીને ઘેર ગયા હતા ને?"

"હા."

"શું કરવા?"

"કોને ખબર!" કહીને પોતાના ઓરડામાં જતા રહેવાનું.

"છો ને તમને ખબર ન હોય! હું જાણું છું ને એ કેવી પહોંચેલી માયા છે? જોજો ખાંડ ખાતા કે તમે એકલા જ ત્યાં આંટાફેરા ને આશીર્વાદ કરો છો. બધા ઘણાય ત્યાં જાય છે. તમે કહેતા હો તો નામઠામ સાથે ગણી બતાવું." વિપુલાનો ગુસ્સો એના વધતા જતા અવાજમાં ઠલવાતો જાય ત્યારે મૌન સિવાય કોઈ ઇલાજ રહે નહીં.

માનો કે એ સાચી હોય. સાચી હશે જ, પણ એથી શું? વિનીના ઘરમાં તો ઘણા બધાએ જવું જ જોઈએ. જિંદગીના ભારથી થાકેલા માણસોને માટે બે ઘડી શ્વાસ લેવા આનાથી સારી કોઈ જગ્યા ન હોઈ શકે. ત્યાં અર્જુન એકલો શા માટે જાય? ખૂબ બધા લોકો ત્યાં જાય, આસાએશ પામે અને લગભગ નવા જેવા થઈને ત્યાંથી નીકળે એ જ યોગ્ય હતું.

શું હતું વિનીના ઘરમાં? એવું તે વળી શું કે જે બીજે કશે ન મળે? એમ તો અર્જુનનું પોતાનું ઘર પણ સરસ જ હતું. ચોખ્ખું ચણક અને ચકચકિત. વિપુલાના અગણિત નિયમોને આધીન એ ઘરમાં મગદૂર હતી કોઈની કે કશું પણ આમથી તેમ થઈ શકે? કદાચ એ જ મુખ્ય કારણ હશે મનમાં અભાવ જાગવાનું. માણસે ઘરના ગુલામ થઈને રહેવું પડે. કરોળિયાનાં જાળાં જેવાં સૂક્ષ્મ બંધનો સામે લડાય તો નહીં. એ લાંબો વખત સહેવાય પણ નહીં, એક આછી ગૂંગળામણમાં જીવ તરફડે. સાંજે ઘર ભણી વળતાં પગલાંમાં એકલી લાચારી હોય – ઉત્સાહ તો કદી નહીં. વિપુલાને આ બધું શી રીતે સમજાવાય? કોઈને પણ શી રીતે સમજાવાય? જો કે સમજાવવાની કશી જરૂર પણ નહોતી.

એટલું જ બસ હતું કે અર્જુન ફાવે ત્યારે જઈ શકે, મહિનાઓ લગી ન જાય તોય જ્યારે બારણે આવીને ઊભો રહે ત્યારે એ જ આવકાર મળે; નહીં કોઈ પ્રશ્નો, નહીં કશી અપેક્ષા, ન ઉપેક્ષા. નરી મોકળાશ, નરી આત્મીયતા! એવું પણ એક ઘર હતું – વિનીનું ઘર.

• • •

# જીદ

"ભાઈ! આજે બપોરે સાડાત્રણની ગાડીમાં જઈએ છીએ. તારે ઘણું કામકાજ હોય એટલે જશીઆને બોલાવ્યો છે. ઠેઠમઠેઠ ઘર લગીનો સંગાથ! તું લગીરે ફિકર ચિંતા ન કરતો." શંકરભાઈ આટલું કહીને ફરી પાછા માળા ફેરવવા બેસી ગયા.

વિપુલને માથે વીજળી પડી. 'અરે, પણ માંડ સુખના દહાડા આવ્યા છે ત્યારે તમે આ જવાનું ક્યાંથી કાઢ્યું?'

પણ એ જાણતો હતો. બાપુજી હવે નહીં બોલે. એમણે એમની મેળે કહેવાનું હતું તે કહી દીધું. અકળાઈને, સહેજ પગ પછાડતો એ અંદરના રૂમમાં જઈને બોલ્યો, "બા, તમે તો કંઈ સમજાવો! આટલી ઉંમરે તમારે હવે દેશમાં જઈને શું કામ છે? લોકો તો મારો અને ડૉલીનો જ વાંક કાઢશે ને! સાચેસાચું કહેજો – તમારે અહીં શું દુઃખ છે? હજી ગયે અઠવાડિયે તો નવું એ.સી. નખાવી દીધું છે તમારા રૂમમાં. અને બા... મહિનામાં નવી મોટર પણ આવી જશે. તમતમારે દેવદર્શન, સગાંવહાલાં જ્યાં જવું હોય ત્યાં આરામથી હરજોફરજો."

"ભાઈલા, તારી બધી વાત સાચી, પણ અમારો જીવ હવે ઊપડ્યો છે. સેંધાપરની માટી જોયા વગર ચેન નહીં પડે."

"તે બેચાર દહાડા ફરી આવો... હું બધી ગોઠવણ કરી દઉં, પણ આમ કાયમ ખાતે તે જવાતું હશે?"

"કાયમ?" દિવાળીબા હસી પડ્યાં. "આ દુનિયામાં કાયમ તો કોણ રહ્યું છે તે અમે રહેવાનાં? પણ... અહીં હવે ન ગોઠે. અમને જવા દે."

"કમાલ કરો છો ને! એક બાજુ મારે કેટલું બધું કામ... માથે જમ જેવા ઑફિસરો બેઠા હોય... પ્રમોશનની તૈયારી છે. એવામાં તમે આ તૂત ક્યાંથી કાઢ્યું? સાચું કહું છું, હું તમને નથી જવા દેવાનો."

"જીદ ના કરીશ, ભાઈ! અમને રાજીખુશીથી રજા આપ."

"જીદ મારી નહીં, તમારી છે, બા! એટલો તો વિચાર કરો, તમે સાજાં માંદાં થયાં તો મારે કેટલી દોડાદોડ થાય? ગામડાગામમાં નહીં ડૉક્ટરોનાં ઠેકાણાં, હૉસ્પિટલ તો હશે જ નહીં."

“બેટા, હવે ઉંમર થઈ. ટાંકાટેભા કેટલા કરવાના? હરતાંફરતાં ઊપડી જઈએ એના જેવું સુખ નહીં અને આવરદા તો લખાવીને આવ્યા હોઈશું એટલી જ ભોગવવાની છે ને!”

“તમે કંઈ સમજતાં જ નથી. જમાનો કેટલો આગળ વધી ગયો છે? દરદીને મોતના મોંમાંથી પાછો ખેંચી લાવે છે ડૉક્ટરો, ખબર છે?”

“પછી પથારીમાં પડીને કણસવાનું, બીજું શું? પણ ભાઈ, જવા દે ને આ બધી પંચાત! સો વાતની એક વાત, અમે આજે જઈશું. હસતા મોંએ રજા આપ. કોક વાર મન થાય તો વહુ ને છોકરાંને સાથે લઈને આંટો મારી જજે, બરાબર?”

“જરાય બરાબર નહીં. તમે કહેતાં નથી, પણ ડૉલીએ કંઈક કર્યું હશે કે બોલી હશે એટલે તમારો જીવ દુભાયો હશે – બોલો, ખરી વાત ને?”

“ના!”

“તો પછી?”

“તારા બાપુજીનું જ મન ઊઠ્યું છે. નહીં તો મને ઘરડેઘડપણ નવેસરથી ઘર માંડવાનો અભરખો રહી ગયો હશે?”

“હવે એ તો માળા લઈને બેસી ગયા છે. દસ માળાની એક બનાવી છે. કોણ જાણે ક્યારે પૂરી થશે?”

ઘડિયાળ સામે જોતો જોતો વિપુલ અકળાઈ ગયો હતો. અકળામણ ગેરવાજબી તો નહોતી જ, પણ...

સારું થયું, વચ્ચે વચ્ચે મોબાઇલની રિંગ વાગી. કોઈક બીજી વાતમાં ધ્યાન ગયું, બીજા માણસો સાથે વાત થઈ; નહીંતર તો ઉંદરિયામાં સપડાયેલા ઉંદરની જેમ એનું મન આ એક જ સમસ્યા પાછળ આંટાફેરા માર્યા જ કરત. એવું તે શું દુઃખ પડી ગયું હશે આ ઘરડાં માબાપને કે દેશમાં જવા તૈયાર થઈ ગયાં? પહેલેથી કહ્યું હોત તો કોકને સાથે મોકલત, મોટરમાં જવાની વ્યવસ્થા કરત. આ તો સાડાત્રણની ટ્રેન અને એમનો લાડકો જશીઓ!

જો કે જશીઓ કંઈ નાખી દેવા જેવો નહોતો. નાનપણમાં પોતે એની સાથે રમ્યો છે, રાયણાં ને બોરાં વીણી ખાધાં છે, ઘેલી નદીમાં નાહ્યો છે, પણ એ બધું હવે પતી ગયું. પૂરું થઈ ગયું. પોતે ભણીગણીને ઑફિસર થઈ ગયો, જશીઓ ત્યાંનો ત્યાં રહ્યો. વાડી સંભાળે છે, અવારનવાર આવીને હિસાબ સમજાવી જાય છે, વધેલા રૂપિયા પણ આપી જાય છે – તોય તે, જશીઓ એટલે જશીઓ! બા–બાપુજી એને ભરોસે દેશમાં જવાનું વેન લઈને બેઠાં છે એ તો તદ્દન ખોટી વાત. એમને આવી રીતે જવા જ ન દેવાય – પણ શું થયું હશે, શાથી આ ઉપાડો લીધો હશે?

આખરે વિપુલની અકળામણનો અને શંકરભાઈની માળાનો એકસાથે અંત આવ્યો.

મન મક્કમ કરીને વિપુલ બોલ્યો, "બાપુજી! તમારે નથી જવાનું."

"કોણ કહે છે?"

"હું, તમારો એકનો એક દીકરો."

"દીકરો સો વરસનો થાય, પણ અમારે હવે જવું છે."

"શાથી?"

"જો બેટા, કોઠી ધોયે કાદવ નીકળે, આ ચર્ચા પડતી મૂક."

"ના, તમારે કહેવું જ પડશે."

"સંભળાશે તારાથી? તો સાંભળ. વિપુલ! મેં દુનિયા જોઈ છે. જે ઠાઠમાઠથી આપણે રહીએ છીએ તે તારા પગારની નીપજ ન હોય, હોઈ જ ન શકે."

"બીજીયે થોડી આડીઅવળી આવક હોય ને, બાપુજી!"

"એ જ વાત છે. એટલે અમે હવે અહીં નહીં રહીએ..."

"પણ આખી દુનિયા હવે એમ જ ચાલે છે."

"ભલેને ચાલતી. મેં કંઈ દુનિયાને સુધારવાનો ઠેકો લીધો છે? પણ અમે હવે જઈશું."

"શું કામ પણ?"

"આખી જિંદગી નેકીનો રોટલો ખાધો છે – હવે મારે ઘડપણ નથી અભડાવવું. ને તું બેટા, વળાય તો પાછો વળજે, પણ હું સમજું છું, તારે માટે એ મુશ્કેલ છે. હરિ ઇચ્છા બળવાન! ચિંતા ન કરતો. ત્યાંય જશીઓ તો છે જ ને!"

● ● ●

# મને માફ કર, મુરલી!

વિશ્વેશ એની સામે જ ઊભો હતો. ગઈ કાલની સુરમ્ય સાંજ પછી એનું આ સામીપ્ય આજના દિવસને પણ અજવાળી દેવા પૂરતું હતું, પણ વિશ્વેશની નજર ભૂલા પડેલા પતંગિયાની માફક ઓરડામાં જરા જરા વાર એક જગ્યાએ ઠરીને વળી પાછી બીજું ઠેકાણું શોધતી હતી. એ મુરલીની સામે જોતો નહોતો. કદાચ એને જોવું નહોતું.

"શું છે, વિશ્વેશ?... શું થયું છે?"

"ના, ના! આમ તો કંઈ નહીં."

"તો?"

"એટલે કે..."

"જરા બેસ ને નિરાંતે! કૉફીબૉફી પીએ. પછી આજની હોનારતની વાત કરજે – એટલે કે કરવી હોય તો. નહીંતર ભૂલી જજે." મુરલી હસી પડી.

"એવું કંઈ નથી."

"તો? અરે હા, આજે તો આપણે તારા સૂટની ડિલિવરી લેવા જવાનું છે! જોજે ને, આ વખતે એ.સી. બંધ થયું તો તો તારો દાવ આવવાનો."

"એમ કંઈ આટલા મોટા હૉલમાં એ.સી. બંધ ના થાય."

"કોણે કહ્યું? હમણાં તો અવારનવાર આવાં નખરાં થાય છે. ને તેય પાછાં ભરઉનાળે. સાચું કહું? મને તો તું તારાં રોજના કફની પાયજામામાં જ વધારે ગમે છે."

"સૂટમાં નથી ગમતો?"

"એમ નહીં, પણ કંઈક અજાણ્યો લાગે છે. છૂટથી વાતો ના થાય, હસાય નહીં, ધબ્બો ના મરાય... એવો."

વિશ્વેશ જરાક મલક્યો અને બોલ્યો, "ભારતીય નારી પોતાના પતિને ધબ્બો ના મારે."

"ઓ હા! એ તો પગે લાગે, આરતી ઉતારે, એવું બધું કરે; નહીં?"

"મેં એવું કહ્યું?"

"કહ્યું નહીં, પણ તારા મનમાં તો એ જ હતું ને, સાચું બોલ!"

"આ કંઈ કોર્ટ નથી કે મારે સાચું જ બોલવું પડે."

"તો જૂઠું બોલ. ચાલ ને, છોડ આ માથાકૂટ! નિરાંતે બેસ, આપણે કૉફી મગાવીએ. શંકરભાઈ ફર્સ્ટ ક્લાસ બનાવે છે. નહીંતર બહાર જઈએ. બોલ, શું કરવું છે?"

"કશું નહીં... તું... તું જરા આ વાંચ."

વિશ્વેશે મુરલીના હાથમાં કવર આપ્યું અને પછી એ બારી તરફ ફરી ગયો.

"અરે વાહ! વળી પાછો લવલેટર?" હસીને મુરલીએ કવર ખોલીને કાગળ બહાર કાઢ્યો અને ગડી ખોલીને ઉત્સુકતાથી વાંચવા માંડ્યો. એક વાર વાંચ્યાથી જાણે સમજ ન પડી હોય એમ એણે ફરી વાર વાંચ્યો. પછી એક વાર, અને એનું મોં કરમાઈ ગયું. આંખો ભીની થઈ, પણ ગાલ પર રેલા ઊતર્યા નહોતા. એના સુંદર ચહેરા પર વિષાદની રેખાઓ બહુ નાજુકાઈથી અંકાઈ ગઈ.

"વિશ્વેશ!"

"ના, તું મને કશું કહીશ નહીં. હું જાણું છું. હું માફીને લાયક નથી. તું મને માફ નહીં કરતી. મને – મને ધિક્કારજે, અને ભૂલી જજે." વિશ્વેશે સોફામાં લગભગ પડતું નાખીને માથું નીચું ઢાળી દીધું.

"વિશ્વેશ!" હવે જોશબંધ વહેતાં આંસુને લૂછવાનીયે પરવા કર્યા વગર મુરલી ઊઠી અને એની પાસે આવીને બેઠી એવો વિશ્વેશ જરાક ખસી ગયો. આઘાત પામીને મુરલીએ એનો હાથ ખેંચ્યો અને ઘડીમાં ગળગળા તો ઘડીમાં ગુસ્સાભર્યા અવાજે બોલવા માંડ્યું. "તું સમજે છે શું તારા મનમાં, હં? આ કંઈ તારા એકલાની વાત નથી. કહી દીધું, માફ કરી દે. અરે વાહ! એટલામાં બધું પતી ગયું? તારા એકલાનાં લગન નહોતાં કંઈ! મારાં પણ હતાં. બોલ, હતાં કે નહીં?"

"હં."

"તો પછી?"

"પણ મુરલી, જરા સમજ – આખરે હું મારા માબાપનો દીકરો છું. બે બહેનોનો ભાઈ છું. મારે માથે ઘણી બધી જવાબદારીઓ છે. પરણીએ તો તારી પણ ખરી!"

"તને મેં આવો ભાગેડુ નહોતો ધાર્યો!"

"હું – હું ભાગેડુ છું?"

"બીજું શું? ત્રણ દિવસ પહેલાં આવો કાગળ લખીને છટકી જવા માગે એને બીજું શું કહેવાય?"

"ઓ મુરલી, હું રહેંસાઈ જાઉં છું. તારા વગરની જિંદગી એ તો એક દઝાડી મૂકતા રણ જેવી. એમાં મારે મરતાં લગી ભટકવાનું... એ વિચારથી મને શુંનું શું થઈ જાય છે!"

"તો પછી?"

"પણ બીજું શું કરું?" આખરે વિશ્વેશને પણ રૂમાલ કાઢીને આંખો દબાવવી પડી. પછી માંડ સ્વસ્થ થઈને એ બોલ્યો, "પણ મારે ખાતર મકાન ગીરવે મુકાય, માનાં ઘરેણાં વેચાય અને ડૅડીને લોન લેવી પડે એ બધું હું કેવી રીતે સહન કરી શકું?"

"અરે, એવું બધું શું કરવા કરવું પડે?"

"શું કરવા તે આ નબીરાને પરણાવવા માટે... તું જાણે છે? ચાર-પાંચ લાખનો ખરચ થવાનો છે. ડૅડી હમણાં જ રિટાયર્ડ થયા, અમારી પાસે કંઈ એવાં માલમિલકત કે મૂડી થોડી છે? – મને તો ખબર જ નહોતી. એ તો ગઈ કાલે મોટાકાકા ઘેર આવ્યા ને ડૅડીની સાથે વાત કરતા હતા તે મેં સાંભળ્યું ત્યારે મને ખબર પડી કે આપણું લગ્ન અમારા આખા કુટુંબની પાયમાલી પર થવાનું છે. તું જ કહે, મુરલી! આટલું મોટું બલિદાન... મારાથી એ સહન થાય? તું મને ગમે એટલી વહાલી હોય, પણ આ બધાને ભોગે મારાથી તારી સાથે લગન થાય?"

ડૂસકાં ભરી ભરીને રડતી મુરલી આ સાંભળીને શાંત થઈ ગઈ. વિશ્વેશને આશા જન્મી કે મુરલી એનો પ્રશ્ન સમજશે, એ કદાચ એને માફ કરી દેશે. ત્યાં તો મુરલીએ એના બંને ખભા પકડીને એને હચમચાવી નાખ્યો.

"અરે! અરે! આ શું કરે છે?"

"બરાબર કરું છું."

"હું તો માનતો હતો કે તું મારી વાત સમજશે. મને માફ કરી દેશે. મનના કોઈ એકાંત ખૂણે આપણે બંને સ્મૃતિના દીપ પ્રગટાવીને જીવન વિતાવી દઈશું."

"બુદ્ધુ! જીવન વિતાવવા માટે નથી. જીવવા માટે છે. આનંદથી જીવવા માટે છે. સાથે જીવવા માટે છે. ચાલ, ઊભો થા."

"અરે, પણ તું સમજતી કેમ નથી?"

"હું બધું સમજું છું. બરાબર સમજું છું. તું જ નથી સમજતો કે આ બધી નકામી બાબતોને મોટું રૂપ આપીને આપણાથી આવું ગાંડપણ ના કરાય. ચાલ, ચાલ, ઊઠ! આપણે આપણી મેળે જતાં રહીએ અને પરણી જઈએ."

“પણ મા ને ડેડી શું કહેશે?”

“એમ તો મારાં પપ્પા-મમ્મી પણ કહેશે જ ને! એ બધું નહીં સાંભળવાનું. પગે લાગવાનું ને આશીર્વાદ લઈ લેવાના.”

“પછી?”

“કેમ? આપણે બંને અપંગ છીએ? અભણ છીએ? કમાઈશું ને ખાઈશું. ઝૂંપડામાં કે મહેલમાં આપણો સંસાર નભાવીશું. માબાપને સુખી કરીશું, બરબાદ નહીં કરીએ. આપણે તો અત્યારે એક જ વાતનો વિચાર કરવાનો, સાથે રહેવું છે? એકબીજાને માટે પ્રેમ છે?”

“એ તો એક હજાર વાર છે ને છે જ! પણ લોકો આપણાં માબાપની ફજેતી નહીં કરે?”

“કોણ લોકો? કયા લોકો?”

“મુરલી! તું તો ગજબ છે!”

“નથી ગમતી?”

“ફરી બોલી તો – મારીશ!”

“તો હું પોલીસસ્ટેશને જઈને ફરિયાદ કરીશ!”

“બહુ ડાહી! ચાલ, હવે જઈએ.”

“ક્યાં?”

“તું કહે ત્યાં – પરણી જવાનું કંઈક ગોઠવવું તો પડશે જ ને!”

“હવે બરાબર!” મુરલીએ સ્મિત કર્યું.

• • •

# રજા

નીચું જોઈને જમતા હરિપ્રસાદ સામે નર્મદાએ એક પરબીડિયું મૂક્યું.

“જીજીનો કાગળ છે.”

હરિપ્રસાદનાં અંગેઅંગમાં વીજળી દોડી ગઈ, “આ આટલાં વરસે જીજીમાનો કાગળ?”

“શું લખે છે?”

“કંઈ નહીં, કહે છે, એક વાર આવીને મળી જા.” નર્મદાએ કશી લાગણી વગર, બલકે સહેજ અણગમાથી કહ્યું અને તે ગરમ દાળ લેવા અંદર ચાલી ગઈ.

હરિપ્રસાદનો જીવ ખાવામાં રહ્યો નહીં. ક્યારે ઊઠી જાઉં અને હાથમોં ધોઈને કાગળ વાંચું, એવું થવા માંડ્યું. છેલ્લાં અઠ્યાવીસ વરસમાં નહોતો કોઈ કાગળપત્તર કે સંદેશો. હવે એકાએક શું થયું હશે કે જીજીમાને આ ભાગેડુ દીકરી-જમાઈની યાદ આવી?

કાગળ બહુ સાદો-સીધો હતો, ‘અ. સૌ. નબુબેનને માલૂમ થાય કે એક વાર મોઢામોઢ મળી જજો. થોડું કામ છે. જમાઈની તબિયત સારી હશે. તેમને મારા જય શ્રીકૃષ્ણ કહેજો. કાકાને ત્યાંથી અને પાડોશમાંથી બધાંએ ખબર પુછાવી છે. બધાં ખુશી-આનંદમાં છે. તમો હશો. લિ. જીજીના આશીર્વાદ છે.’

બે-ત્રણ વખત કાગળ વાંચીને હરિપ્રસાદ બોલ્યા, “જઈ આવો, તો પછી.”

“શું બોલ્યા?” નર્મદાનું રૌદ્ર રૂપ જોઈને હરિપ્રસાદ થથરી ગયા. જાણે બીજાં જીજીમા! એમને યાદ આવ્યું, બીતાં બીતાં જે દિવસે એમણે નર્મદા સાથે પરણવાની વાત કરી હતી તે દિવસે જીજીમાના મોંમાં આ જ બોલ હતો. નેણ આમ જ ફરી ગયાં હતાં, નસકોરાં ફડફડ થતાં હતાં, આખા ચહેરાની રેખાઓ ખેંચાઈને ધનુષ્યની પણછ જેવી તંગ બની ગઈ હતી. જીજીમા કદાચ નર્મદા કરતાં ઊંચાં હતાં. જરાક વધારે ગોરાં હતાં. એમના ક્રોધ સામે પોતે ટકી શક્યા નહોતા. જવાબ પણ આપી શક્યા નહોતા. ઘરમાંથી નીકળી ગયા પછી પણ ક્યાંય લગી કાનમાં પડછંદા વાગતા હતા... શું બોલ્યા? શું બોલ્યા?

આમ જુઓ તો વાત કંઈ મોટી નહોતી, પણ જીજીમાને મન એ ઘણી મોટી હતી. સાત સમંદર જેટલી, આભને અડતા મેરુ પર્વતાવતાર જેટલી. આકાશને અજવાળતા સૂરજ જેટલી. અને જીજીમાને કોઈ સમજાવી શકે એમ નહોતું. અરે, વાત કરી શકે કે સામે જોઈ શકે એમ પણ નહોતું. આવી ખબર હોત તો...

પણ તે વખતે તો શી ખબર પડે? નર્મદા વરસોવરસ રાખડી બાંધતી અને પોતે બંધાવતા. મા જે પાવલી-આઠ આના આપે તે નર્મદાના હાથમાં મૂકતા અને મલકાતા. પછી નર્મદા મોટી થઈ. જરાક વધારે ગમવા લાગી... પછી વધારે... વધારે... અને બપોરી વેળાએ વડને છાંયડે બેસીને બેય જણાં એકબીજાની આંખોમાં સ્વર્ગ નિહાળવા લાગ્યાં. આજના વખતમાં તો એ વાત સાવ સ્વાભાવિક લેખાય – કાં તો વાત જ ન લેખાય.

પણ જીજીમા જૂના જમાનાનાં હતાં. હેલ ચડાવતાં જરાક આંગળી અડકી જાય તો બીજા બધાને ભાઈ-બાપ માનવામાં આવે એવી વાતો સાંભળીને મોટાં થયાં હતાં. જેને રાખડી બાંધી તે વળી સગા ભાઈ કરતાં જુદો કઈ રીતે હોઈ શકે એ એમને સમજાતું નહોતું. એમના મનથી નર્મદાએ ભારે અનાચાર કર્યો હતો અને એવી પુત્રી ભલે ને એકની એક હોય, એના પરથી એમનો હેતભાવ સદંતર ઓસરી ગયો હતો. કદાચ એટલે જ, નર્મદાએ બહુ ઉતાવળો નિર્ણય લઈને ઘર છોડી દીધું હતું. હવે એક વાર એ ભાગીને આવી પછી તો હરિપ્રસાદ કરી જ શું શકે? બંને ઉંમરલાયક હતાં, આર્ય સમાજમાં જઈને પરણી ગયાં અને સંસારસમુદ્રમાં બાથોડિયાં મારવા લાગ્યાં.

ઠીક છે, પૈસાટકા મળ્યા. ધીમે ધીમે બીજા ગામમાં અને પછી મોટા શહેરમાં. આબરૂ પણ બંધાઈ, બાળબચ્ચાંથી ઘર ભરાઈ ગયું, પણ હરિપ્રસાદના મનમાં ક્યાંક જીજીમાનું રાજસિંહાસન હજી પણ અડગ છે. હજી ઊડવા ન શીખેલા પંખીના બચ્ચા જેવી કુમળી અને દુર્બળ એક ઇચ્છા છે - 'જીજીમા જો માફ કરી દે!'

પણ જીજીમા પર્વત જેવાં અટલ અને કઠોર – હા, કઠોર જ વળી – નીકળ્યાં. આટલાં વરસોમાં બાળકોના જન્મ થયા, નાનીમોટી માંદગીઓ આવી, અનેક સરઅવસર આવ્યા – ક્યારેય તેઓએ કોઈ રીતે જણાવા ન દીધું કે આ પરિવાર સાથે તેમને કોઈ સંબંધ છે. એમ તો એમને પોતાનેય શું ક્યારેય કંઈ સુખદુઃખ નહીં આવ્યાં હોય? નર્મદા સિવાય બીજું કોણ એમનું સગું હતું? પણ એમણે કોઈ પણ રીતે જીવનયાત્રા નભાવી – નર્મદા વગર. હવે તો એ એંશીની આસપાસ હશે. કદાચ સાજાં માંદાં હોય, કદાચ કંઈક તકલીફ હોય...

નર્મદા ક્યારેય એવા નબળા વિચારો આવવા દેતી નહીં. હંમેશાં કહેતી, "કેટલાં ઘરેણાં છે જીજીમા પાસે, જાણો છો? મને તો વાલની વીંટીયે આપી નથી. એમને

વળી શાનું દુઃખ પડે? એઈને નિરાંતે એક પછી એક વેચતાં હશે ને લીલાલહેર કરતાં હશે.”

હરિપ્રસાદને આ વાત ગમતી નહીં, બેઠાં બેઠાં ખાવાનું, એમાં તો કુબેરના ભંડાર પણ ખૂટી જાય. તો આ તો વળી હોઈ હોઈને પચાસ-સાઠ તોલાનાં હશે જીજીમા પાસે – એનો તે શો ભાર? પણ જાણતા હતા, નર્મદાના મનમાં પોતાને માફ ન કરનાર મા પ્રત્યે જરાય કૂણી લાગણી નહોતી. અને હરિપ્રસાદને એ ઠીક નહોતું લાગતું. ગમે તેમ તો પણ મા! પોતાનાં તો મા નહોતાં, સાસુ જ હતાં, છતાં કદી હરિપ્રસાદ એમને વીસરી શક્યા નહોતા. નર્મદા શી રીતે વીસરી ગઈ? આટલી કઠોર કેમ છે નર્મદા?

અને નર્મદાના એ ધારદાર સ્વભાવનો સ્પર્શ પોતાનેય થયો હતો. છોકરાંઓને પણ કોઈક વાર વિચાર આવી જતો - નર્મદાને ન પરણ્યા હોત તોય જીવન જાત તો ખરું. વહુને લઈને જીજીમાને પગે લાગવા જઈ શકાત. એમને મોંએથી ફૂલ ઝર્યાં હોત, “જીવતા રો’ ભાઈ, સુખી થાઓ!” કદાચ સુખી થયા હોત પણ ખરા. હમણાં કંઈ દુઃખી નહોતા, તોય તે...

“શા વિચારમાં પડી ગયા છો?”

“મને તો લાગે છે, જઈ આવો!”

“શું કરવા?” શબ્દો બે જ હતા, પણ ખડક જેવા વજનદાર હતા. સાંભળીને હરિપ્રસાદે લોચા વાળવા માંડ્યા, “બીજું તો કંઈ નહીં, કંઈ સાજાં-માંદાં હોય તો...”

“તો શું થઈ ગયું? આ ઉંમરે હવે માંદગી તો આવે જ ને? એમાં શી નવાઈ?”

“આપણી ફરજ છે.”

“ફરજ?” નર્મદા ઊકળી ઊઠી. “આપણી ફરજ? એમણે તો આપણા નામનું નાહી નાખ્યું છે. તોય આપણી ફરજ બાકી રહી? અને એમની કશી ફરજ નહીં? આખી જિંદગીમાં એકે વાર આણી બાજુ નજરેય નાખી છે કે દીકરી જીવે છે કે મરી ગઈ? એ મા તરફ મારી હજી ફરજ બાકી રહી?”

“તો તમે જાણો.” કહી હરિપ્રસાદ ઊઠી ગયા, પણ તે રાતે બરાબર ઊંઘ ન આવી. પડખું ફેરવતાં જાણે આંખો પર ભાર લાગે છે. આટલાં વરસનું મૌન વ્રત તોડીને જીજીમાએ કહેવડાવ્યું છે – ‘થોડું કામ છે.’ શું કામ હશે? જાણવું ના જોઈએ? કરી આપવું ના જોઈએ? કબૂલ, આજ લગી એમણે કોઈને ગંધ સુધ્ધાં આવવા દીધી નથી કે એમનાં દીકરી-જમાઈ જીવે છે.... એકલાં-અટૂલાં તાડ જેવાં સૌથી અધ્ધર, સૌથી ઊંચાં, પોતાની એકલતામાં જ મગ્ન જીવ્યાં છે. હજી એમનું

ચાલે તો એમ જ જીવે, પણ કશુંક બન્યું હશે, કશીક લાચારી હશે, નહીંતર જીજીમા કાગળ લખે? નર્મદાને બોલાવે?

વારુ, પોતાનો ઉલ્લેખ જમાઈ તરીકે કર્યો તો છે. એટલું શું બસ નથી? એટલા પરથી માની ન શકાય કે એમણે અમને માફ કર્યાં છે? અપનાવ્યાં છે? બસ, કાલે સવારે ગમે તે રીતે નર્મદાને સમજાવીને મોકલી આપવાની. આજે ગઈ હોત તો સારું થાત, પણ હવે કાલની પરમ ન થવી જોઈએ.

નર્મદાએ જવું જ જોઈએ. જીજીમા રાહ જુએ છે. આ નિર્ણયથી સંતોષ પામીને હરિપ્રસાદ ઘસઘસાટ ઊંઘી ગયા. બીજે દિવસે એમણે સીધો જહાંગીરી હુકમ જ છોડ્યો, "તમારે જઈ આવવાનું છે, નર્મદા! મોટર ત્યાં જ રાખજો. રાત ન રોકાવું હોય તો તમારી મરજી, પણ જવું તો પડશે જ."

"હું નથી જવાની."

"તો પછી હું જઈશ."

"મારી ના ઉપર તમે જશો?"

"તમે ન જાઓ તો પછી મારે જવું જ પડે. જીજીમાને નિરાશ ન કરાય."

"મા મારી છે કે તમારી? તમે કેમ આટલું બધું લઈ પડ્યા છો? તમે ભૂલી ગયા કે એમની જીદને લીધે મારે પહેર્યે લૂગડે બાપનું ઘર છોડવું પડ્યું હતું! એમને લીધે જ આપણે લોકોમાં બદનામ નહોતાં થયાં? એવો તે કયો મોટો ગુનો કર્યો હતો આપણે?"

"એમના મનથી કર્યો હતો. અને જરાક વિચારો નર્મદા! ધારો કે હું આ બધું ભૂલી ગયો હોઉં તો – તમેય કંઈક નથી ભૂલી ગયાં?"

"શું?"

"આ એ જ જીજી છે જેમણે વીસ વરસ સુધી તમારું લાલનપાલન કર્યું, કદી તમને બાપની ખોટ ન જણાવા દીધી. ઘરમાં છત હશે, અછત હશે, તોય તમને ફૂલની જેમ રાખ્યાં – આ બધું તમે કેમ ભૂલી જાઓ છો, નર્મદા? એક વાર જઈને જોઈ તો આવો, એમને શું કામ પડ્યું છે!"

નર્મદા ગંભીર થઈ ગઈ. પછી એનો કડક ચહેરો ઢીલો પડ્યો અને આંખમાં આંસુ ઝગમગવા લાગ્યાં. હરિપ્રસાદ સામે જોયા વગર તે બોલી, "વારુ, તમે કહો છો તો જઈશ. અને... થોડા પૈસા લેતી જાઉં?"

"એ વળી પૂછવાની વાત છે? પાંચ હજાર તો સાથે રાખો જ. બીજા જોઈએ તો મંગાવી લેજો. રોકાવું હોય તો ખુશીથી રોકાજો, હોં!"

"બીજું કહું? કદાચ ને તમને બોલાવે તો તમે આવશો?"

"મને તો થાય છે, અત્યારે તમારી જોડે જ આવું."

"ના, ના, જીજીનું કંઈ કહેવાય નહીં. વખતે તમને ના બોલાવે તો મારે મરવા જેવું થાય."

"હં... તો પછી તમે જ ઝટ તૈયાર થાઓ. હવે વાર ના કરો."

નર્મદાએ આજ લગી જોર કરી કરીને પાછળ હડસેલી મૂકેલી જીજીની છબિ હવે તેની આંખ આગળથી ખસતી નહોતી. મનમાં કંઈકેટલાંય ભુલાઈ ગયેલાં સ્મરણો પહેલા વરસાદ પછીના દૂર્વાંકુરોની જેમ ફૂટી નીકળીને બધું નરમ અને હરિયાળું બનાવી મૂકતાં હતાં. રાતે તે હંમેશાં લાતો મારીને ઓઢવાનું ખસેડી નાખતી અને પછી ઠંડીમાં ઠૂંઠવાતી. ત્યારે જીજીને અચૂક ખબર પડી જતી. તે આવીને ગોદડી સરખી ઓઢાડતાં. કોઈ વાર માથે હાથ ફેરવતાં. એ જીજીએ આટલાં વરસો કેમ કરીને કાઢ્યાં હશે, કેવાં દુઃખ વેઠ્યાં હશે તેની પોતેય ક્યાં પરવા કરી છે કોઈ દિવસ? ઘરમાં કંઈ પણ સારી વાનગી બનાવી હોય તો સૌથી પહેલી હરિપ્રસાદની વાટકી ઢાંકતાં જીજી અપ્રગટ પ્રણયના દિવસોમાં કેટલાં વહાલાં લાગતાં હતાં!

માની લો કે એમણે એમની માન્યતા પ્રમાણે, પોતાનું લગ્ન અસ્વીકાર્ય ગણ્યું તેથી શું પોતે જીવનભર એમની સામે ક્રોધનું કવચ પહેરી રાખવું બરાબર હતું?

કદાચ એ માંદાં હોય... કદાચ પોતે પહોંચે ત્યાં લગી નાય રહ્યાં હોય! નર્મદાની વ્યાકુળ આંખોમાં અચાનક પાણી ઊભરાવા લાગ્યાં. તેને ઝટઝટ જીજી પાસે પહોંચવાની ઉતાવળ આવી. ક્યારે તૈયાર થઈ, સાથે શું શું લીધું, નીકળતાં હરિપ્રસાદ સાથે શી વાત થઈ; – કશું ખ્યાલમાં નથી. નર્મદા મોટરમાં બેઠી છે અને આસપાસનાં દૃશ્યો દેખાતાં પહેલાં જ પસાર થઈ જાય છે. પોતે ઊછળે છે, અફળાય છે, છતાં કહે છે, "અકબર, ગાડી જલદી ભગાઓ ભાઈ! બહોત દેર હો ગઈ હૈ!"

ગામને પાદરે પહોંચતાં જ સમજાયું કે છેલ્લાં અઠ્યાવીસ વરસનું એક સ્વપ્ન હતું, કે પછી ભ્રમણા! સત્ય તો આ જ છે. પિયેરના ગામનાં ઝાડવાં લળીલળીને તેને બોલાવે છે. ઘાઘરી-પોલકું પહેરીને અહીં જ તે રમી છે. લડી-ઝઘડી છે, હસી છે, રડી છે. અહીં જ તેનાં મૂળિયાં છે. અહીં જ તેનું જીવન છે – અને છે એ જીવન દેનારી તેની મા, તેની જીજી!

તેણે ધાર્યું હતું કે ઘરમાં ઓસરી ભરીને માણસો હશે, પણ કોઈ દેખાયું નહીં. ગાડીનું હૉર્ન સાંભળીને પણ કોઈ લેવા આવ્યું નહીં. જેમ તેમ તે ઊતરી અને ઘરમાં ગઈ.

"જીજી!" સહેજ ધીમા, ખોખરા સાદે તે બોલી. અંદરના ઓરડામાં કશોક સંચાર થયો. ધીમે ધીમે કોઈ બહાર આવ્યું.

"અરે મેનકી, તું?"

"જીજી માંદાં છે ને, એટલે..."

"શું થયું છે જીજીને?"

"ઘૈડપણ! પણ આમ તો બોલેચાલે છે. આવો ને!" મેનકી બહુ જાડી થઈ ગઈ હતી. છીંટના ઘાઘરા પર નાની ઓઢણી પહેરી હતી તે શોભતી નહોતી, પણ એ લોકોનો એ જ પહેરવેશ. ગોળગોળ ચાલતી મેનકીએ જઈને અગાસિયાનું બારણું ખોલ્યું એટલે ઓરડામાં અજવાળું આવ્યું. એક ધારે ઢાળેલો ખાટલો દેખાયો. અને ખાટલામાં સૂતેલી આકૃતિ પણ.

નર્મદાના પગ ભાંગી ગયા હતા. "ઓ, આ ઘરમાં આવી રીતે મને પાછી નહોતી લાવવી. ભગવાન! મારી જીજી મને પાછી એવી ને એવી આપ, ભગવાન...!"

"નબુ!" ખાટલામાંથી ક્ષીણ અવાજ આવ્યો.

નર્મદા પાસે ગઈ અને પાંગથે બેઠી. જીજીનો ચહેરો એવો ને એવો રૂપાળો લાગતો હતો. દૃષ્ટિનો ભ્રમ, બીજું શું? એંશી વરસે તે માણસ રૂપાળું લાગે?

"જીજી! શું થયું છે?"

"જવાની વેળા આવી એટલે બધું થાય... નબુ! ટેકો કર જોઈએ, બેઠી થાઉં!" જીજી બોલ્યાં અને નર્મદાનો ટેકો લઈને આસ્તે આસ્તે બેઠાં થયાં.

અજવાળામાં દેખાયું કે ચહેરો ખાસો સુકાઈ ગયેલો છે. લમણા આગળના વાળ ધોળા છે ને આંખો પાસે તો કરચલીનું જાળું બાઝ્યું છે. હોઠ બહુ પાતળા ને બિડાયેલા છે... ચોક્કસ, જીજીને એંશી વરસ થયાં જ છે.

"જીજીમા! જીજી!" નર્મદા ડૂસકું દબાવીને બોલી.

"નબુ! લે આ ચાવી. પેલું ભંડકિયું ખોલ. મહીં મારી દવાની પોટલી છે... અને મેનકી! તું જા, બાજુમાંથી સંતોકબાને બોલાવી આવ."

એંશી વરસનાં, તોય જીજી! એમનું કહ્યું કરવું જ પડે. મેનકી ધીરી ગતિએ બહાર ગઈ અને નર્મદાએ દવાની પોટલી આણી. ખાસી વજનદાર હતી એ.

"લે નબુ! આ દાગીનાની પોટલી. તારા બાપાની કમાણી પર તારો હક પહોંચે. તને સોંપવાનું કામ બાકી હતું ત્યાં લગી શ્વાસ લેવા પડતા હતા. આજે પત્યું. મને રજા આપ, બેટા!"

"અરે જીજી! હું તમને મારી જોડે લઈ જવાની છું. ત્યાં તમારી દવા કરાવીશું. તમે સાજાં થઈ જશો. જોજો ને!"

"શા સારુ મારે હવે સાજું થવું છે?"

"હજી તો તમારે ભાણા-ભાણીઓને જોવાનાં છે, જીજી! અને..."

"નબુ! જતી વખતે એ બધું યાદ ના કરાવીશ. તને ગમ્યું એ તેં કર્યું, મને ઠીક લાગ્યું એ મેં કર્યું... આ આટલો બોજો હતો માથા પર તે આજે ઊતર્યો; બસ, હવે રજા આપ!" જીજીએ આટલું બોલીને બારણામાંથી અંદર આવતાં સંતોકબા તરફ ફરીને કહ્યું, "આવ્યાં? લ્યો, જય શ્રીકૃષ્ણ!"

"જય શ્રીકૃષ્ણ, જીજી! કેમ છે હવે?"

પડખું ફરીને સૂઈ ગયેલાં જીજીમાએ જવાબ દીધો નહીં. એમણે રજા લઈ લીધી હતી.

● ● ●